# વેચાણ કિંમતમાં કરવામાં આવેલ ઘટાડા પર વેરો ન લાગે : ગુજરાત હાઈકોર્ટ

ગુજરાત વેચાણવેરા કાયદા, વેટ કાયદા અને કેન્દ્રિય વેચાણવેરા કાયદામાં જ્યારે કરપાત્ર માલનું વેચાણ થાય ત્યારે તેવા વેચાણની વેપારીને મળેલ કે મળવાપાત્ર કિંમત પર વેરો ભરવાની વેપારીની જવાબદારી છે. જ્યારે વેચાણ સમયે આખરી વેચાણ કિંમત નક્કી થયેલ ન હોય અને તેથી પ્રોવિઝનલ વેચાણ કિંમતમાં ઘટાડો કરવામાં આવેલ હોય ત્યારે આવી ઘટાડવામાં આવેલ રકમ વેચાણ કિંમતનો ભાગ ન ગણાય અને તેના પર વેપારીની વેરો ભરવાની જવાબદારી નથી તેવો ચુકાદો માન. ગુજરાત હાઈકોર્ટે ઓ.એન.જી.સી. વિ. ગુજરાત રાજ્ય ટેક્સ અપીલ નંબર ૫૦ ઓફ ૨૦૧૪ અને અન્યના કેસમાં તા. ૧૮-૧૨-૧૪ના રોજ આપેલ છે. આ ચુકાદાની માહિતી આ લેખમાં આપેલ છે.

## કેન્દ્ર સરકારની સૂચના અનુસાર આખરી વેચાણ કિંમત વસૂલવામાં આવતી

કંપની કેન્દ્ર સરકારનું જાહેર સાહસ છે કે જે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ સૂચના અનુસાર પેટ્રોલિયમ પ્રોડક્ટ્સના ઉત્પાદન, ખરીદ અને વેચાણના ધંધા સાથે સંકળાયેલ છે. ક્રૂડ ઓઈલના વેચાણ પર

**ચિટચેટ ઓન વેટ ટુ**
**સેલ્સટેક્ષ**
નયન શેઠ

કંપનીને માલની આંતરરાષ્ટ્રીય કિંમત અનુસાર ભાવ વસૂલ કરવાની સત્તા આપવામાં આવેલ. તમામ પેટ્રોલિયમ પેદાશો પરનું કિંમતનું નિયંત્રણ દૂર કર્યા બાદ પણ પબ્લિક ડિસ્ટ્રિબ્યૂશન સિસ્ટમ હેઠળ વેચાતું કેરોસીન અને ઘરવપરાશનો એલ.પી.જી. રાહતના દરે ગ્રાહકોને મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા તેની કિંમત પર નિયંત્રણ ચાલુ રાખવામાં આવેલ. આના કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ક્રૂડ ઓઈલ બજાર કિંમતે ખરીદી તેમાંથી ઉત્પાદિત પબ્લિક ડિસ્ટ્રિબ્યૂશન સિસ્ટમ હેઠળ વેચાતું કેરોસીન અને ઘરવપરાશના એલ.પી.જી.નું સબસિડાઈઝ્ડ કિંમતે જ વેચાણ કરી શકતી હતી. ખરીદ કિંમત અને વેચાણ કિંમતના આવા તફાવતના કારણે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ નુકસાન ભોગવતી હતી. આ સંજોગોમાં કેન્દ્ર સરકાર દ્વારા એક પદ્ધતિ અમલમાં લાવવામાં આવી જેમાં ઓ.એન.જી.સી. અને ગેલ દ્વારા કેટલાક અંશે ઓઈલ માર્કેટિંગ કંપનીઓને થતી ખોટ ભરપાઈ કરવાની પદ્ધતિ નક્કી કરવામાં આવેલ. આ માટે ઓ.એન.જી.સી. અને ગેલે દર ત્રિમાસે પોતાના ખરીદ વેચાણની માહિતી કેન્દ્ર સરકારના આ માટેના નિયુક્ત આયોગને આપવાની હતી કે જેના આધારે આ કંપનીઓને થતા નફાને ધ્યાનમાં રાખીને તેઓએ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને કરેલ ક્રૂડ ઓઈલના વેચાણમાં આપવાના ડિસ્કાઉન્ટની સૂચના આપવામાં આવતી હતી. કેન્દ્ર સરકાર દ્વારા એવી સ્પષ્ટ સૂચના પણ આપવામાં આવી હતી કે, રાજ્ય સરકારને ચૂકવવાની રોયલ્ટીની રકમ નક્કી કરવા આવા ડિસ્કાઉન્ટને ધ્યાનમાં લેવાનું ન રહે, પરંતુ વેચાણ પરનો વેરો નેટ વેચાણ કિંમત પર જ ભરવાનો રહે. કેન્દ્ર સરકાર દ્વારા મળેલ સૂચનાના આધારે નક્કી થયેલ આખરી કિંમતના અનુસંધાને કંપની દ્વારા અગાઉ આપવામાં આવેલ પ્રોવિઝનલ વેચાણ કિંમતમાં ફેરફાર કરવા જરૂરી ક્રેડિટ કે ડેબિટ નોટ આપવામાં આવતી હતી. ઓઈલ માર્કેટિંગ કંપની પાસેથી ડેબિટ-ક્રેડિટ નોટની અસર આપીને જે આખરી કિંમત નક્કી થતી તેટલી જ રકમ વેચાણ કિંમત તરીકે કંપની દ્વારા પ્રાપ્ત કરવામાં આવતી હતી.

## આપવામાં આવેલ ડિસ્કાઉન્ટ પર વેરો લાગે તેવો નિર્ણય લેવાયો

કંપનીએ ડેબિટ નોટથી પ્રોવિઝનલ વેચાણ કિંમતમાં થયેલ ઘટાડો બાદ કરીને નક્કી થયેલ નેટ કિંમતને વેચાણ કિંમત ગણી તેવી કિંમત પરના વેરાની જવાબદારી વેચાણવેરા, વેટ અને કેન્દ્રિય વેચાણવેરા કાયદા હેઠળના પત્રકોમાં સ્વીકારેલ હતી. આકારણી અધિકારીએ આકારણીમાં એવો નિર્ણય લીધો કે, એક વખત વેચાણ બિલ ગ્રાહકને આપવામાં આવે પછી તે રકમ વેચનાર વસૂલી શકે છે. જે ડિસ્કાઉન્ટ આપવામાં આવતું હતું એ તો ગ્રાહકને થતાં નુકસાનને ભરપાઈ કરવા માટેની અપનાવાયેલ પદ્ધતિ હતી જેને ડિસ્કાઉન્ટ ગણી જ ન શકાય. આવા નિર્ણયને કારણે ઊભા થયેલ વેરાના માગણા પર વ્યાજ અને દંડ લાદવામાં આવેલ. પ્રથમ અપીલ અધિકારી દ્વારા આકારણી આદેશ મંજૂર રાખવામાં આવતા પંચ સમક્ષ બીજી અપીલો કરવામાં આવેલ હતી. પંચ દ્વારા અધિકારીઓનો નિર્ણય મંજૂર રાખવામાં આવ્યો. પંચના મત મુજબ ડિસ્કાઉન્ટની પ્રચલિત પરિભાષામાં કંપની દ્વારા કિંમતમાં કરવામાં આવેલ ઘટાડાનો સમાવેશ ન થઈ શકે, કારણ કે વેચનારે પોતાની મરજીથી કિંમતમાં ઘટાડો કરેલ ન હતો, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા તેને કિંમત ઘટાડવા ફરજ પાડવામાં આવેલ હતી. પ્રોવિઝનલ બિલમાં લખવામાં આવેલ કિંમત કંપની દ્વારા વસૂલ ન કરવામાં આવેલ હોવા છતાં કંપનીને તે રકમ મળવાપાત્ર હતી. જો તેણે પોતાનો નફો જતો કરીને કૃત્રિમ ડિસ્કાઉન્ટ આપી વેચાણ કિંમતમાં ઘટાડો કરેલ ન હોત. જ્યારે વેચાણ કિંમત પૂરેપૂરી વસૂલ ન કરવામાં આવે ત્યારે વેચાણ કિંમત તો તે જ રહે ફક્ત જેટલી કિંમત વસૂલ કરવામાં ન આવેલ હોય તે વેચનાર ભોગવેલ છે તેમ ગણાય. આમ ડિસ્કાઉન્ટ પરનો વેરો મંજૂર રાખવામાં આવ્યો, પરંતુ લાદવામાં આવેલ દંડ પૂરેપૂરો દૂર કરવામાં આવેલ. વેટ પંચના આદેશ સામે માન. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ટેક્સ અપીલો દાખલ કરવામાં આવી.

## કંપની તરફે દલીલો

કંપની તરફે નીચે મુજબની દલીલો કરવામાં આવી :

૧. વેચાણ કિંમતમાં જે ઘટાડો કરવામાં આવેલ તે ડિસ્કાઉન્ટનો જ પ્રકાર ગણી શકાય અને તેને ઘાલખાધ ન ગણી શકાય. માન. મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ગેલ ઇન્ડિયા લિ. વિ. મધ્યપ્રદેશ રાજ્ય ૭૨ વી.એસ.ટી. ૧૬૧નો ચુકાદો સીધેસીધો કંપનીને સમર્થન કરે છે.

૨. વેચાણની જે કિંમત વસૂલ કરવામાં આવે અથવા વસૂલ થઈ શકે તેમ હોય તે જ કિંમત ટર્નઓવરનો ભાગ ગણી શકાય. વેટ કાયદાની કલમ ૮માં ડિસ્કાઉન્ટ કે અન્ય કોઈ કારણસર પણ વેચાણ કિંમતમાં ઘટાડો કરવામાં આવે તો વેરાકીય જવાબદારીમાં ફેરફાર કરવાની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. કેટલાક ચુકાદાઓ પર આધાર રાખવામાં આવેલ કે જેમાં વેચાણ થયા બાદ ડિસ્કાઉન્ટ આપવામાં આવે તો પણ તે બાદ મળવાપાત્ર છે તેમ ઠરાવવામાં આવેલ.

## સરકાર તરફે દલીલો

**સરકાર તરફે નીચે મુજબની દલીલો કરવામાં આવી :**

૧. કંપની દ્વારા કિંમતમાં કરવામાં આવેલ ઘટાડાને ડિસ્કાઉન્ટ ગણી ન શકાય.

૨. વેચાણની કિંમત તો ફેરફાર કર્યા વગરની જ રહે છે અને જે ડેબિટ નોટ આપવામાં આવેલ તે વસૂલ કરવાની બાકી કિંમત ગણાય. જે ડિસ્કાઉન્ટ આપવામાં આવેલ છે તે પ્રચલિત વેપાર અનુસારનું નથી અને તેથી તેને ટ્રેડ ડિસ્કાઉન્ટ ન ગણી શકાય.

૩. ડિસ્કાઉન્ટનો દર વેચાણ વખતે જ નક્કી હોવો જોઈએ અને વેચાણ પછી લાંબા ગાળા બાદ તે નક્કી થાય તેવું ન હોવું જોઈએ.

૪. સરકાર તરફે પણ પોતાની રજૂઆતના અનુસંધાનમાં કેટલાક ચુકાદાઓનો આધાર લેવામાં આવેલ.

## કોર્ટનો નિર્ણય

માન. હાઈકોર્ટના મત મુજબ જે આખરી કિંમત ગ્રાહક પાસેથી કંપનીને મળેલ તે જ કરપાત્ર ટર્નઓવરનો ભાગ ગણી શકાય. કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી જ કિંમત કંપની ગ્રાહક પાસેથી લઈ શકતી હતી. માલની આખરી કિંમત નક્કી કરવા માટે ઘણાં પરિબળો ધ્યાનમાં લેવા જરૂરી હતા અને તેથી તેની ગણતરી કરવામાં સ્વાભાવિકપણે સમય જાય તેમ હતો. વેચાણ સમયે જ વેચનાર અને ખરીદનારની વચ્ચે વેચાણની શરતો નિશ્ચિત હતી. કિંમતની ગણતરી ભવિષ્યમાં નિશ્ચિત કરવાનું નક્કી થયેલ તેના કારણે પરિસ્થિતિમાં કોઈ ફેરફાર ન થાય. હકીકતમાં તો કિંમતમાં જે ઘટાડો કરવામાં આવતો હતો તેને ડિસ્કાઉન્ટ જ ન ગણી શકાય. જ્યારે વેચાણ થતું હતું ત્યારે કિંમત આખરી રીતે નક્કી થયેલ જ ન હતી. કેન્દ્ર સરકારની સૂચના અનુસાર જ કિંમત વસૂલ કરી શકાતી હતી અને તેની શરતો વેચાણ સમયે પણ નિશ્ચિત હતી. પ્રોવિઝનલ વેચાણ બિલ એ માલની આખરી કિંમત હતી જ નહીં અને તેમાં કેન્દ્ર સરકારની સૂચના અનુસાર ફેરફાર કરવો ફરજિયાત હતો. વેચાણ કિંમતમાં કરવામાં આવેલ ઘટાડાના કારણે તે વસૂલ કરવામાં ન આવેલ હોય તેને ઘાલખાધ ગણી ન શકાય. કિંમતમાં ઘટાડો કરવાનું અગાઉથી નક્કી હતું. બિલો પણ પ્રોવિઝનલ આપવામાં આવતા હતા. જે કિંમત ખરેખર વસૂલ કરવામાં આવેલ તે જ વેચાણ કિંમત ગણાય જેના પર કંપનીની વેરો ભરવાની જવાબદારી આવે. કોર્ટે એવું પણ સ્પષ્ટ ઠરાવેલ છે કે, રોયલ્ટી ચૂકવવા પ્રોવિઝનલ વેચાણ બિલની રકમ ધ્યાનમાં લેવામાં આવતી હતી તે કેન્દ્ર સરકારની સૂચના અનુસાર હતું અને તેનાથી અર્થઘટનમાં કોઈ ફરક પડે નહીં. આમ અંતે માન. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ડેબિટ નોટથી કિંમતમાં કરવામાં આવેલ ઘટાડો બાદ મળવાપાત્ર છે અને પ્રોવિઝનલ વેચાણ બિલમાં જણાવેલ વેચાણ કિંમતમાં ડેબિટ નોટ મુજબની રકમ બાદ કર્યા પછીની નેટ વેચાણ કિંમત પર જ કંપનીની વેરો ભરવાની જવાબદારી છે.